# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્યભરમાં આગામી 31 મે સુધી જળસંચયનું મહાઅભિયાન યોજાશે.**
2. **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજથી બે દિવસ પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે.**
3. **બગસરા-ઉનાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગના 89 કિલોમીટરની લંબાઈના માર્ગને અપગ્રેડ કરાશે.**
4. **માધવપુર ઘેડ મેળાની ઉજવણીના ભાગરૂપે આજે સોમનાથમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન**
5. **રાજ્યમાં આઠ એપ્રિલ સુધી ગરમી વધવાની હવામાન ખાતાની આગાહી.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM CATCH THE RAIN

રાજ્યભરમાં આગામી 31 મે સુધી જળસંચયનું મહાઅભિયાન યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે મહેસાણાના દવાડાથી કેચ ધ રેઈન- સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના રાજ્યવ્યાપી બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને વરસાદી પાણીને બચાવવા અનુરોધ કર્યો હતો.

(બાઈટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે શ્રી પટેલે દવાડા ગામના લોકો સાથે સંવાદ કર્યો હતો. દરમિયાન એક અરજદારે મુખ્યમંત્રી સમક્ષ ગામમાં આવેલા પૌરાણિક જાગેશ્વર મહાદેવ મંદિરનો પુનઃરુદ્ધાર કરાવવા રજૂઆત કરી હતી. શ્રી પટેલે આ માગણીનું યોગ્ય નિવારણ લાવવાનું જણાવ્યું હતું.

---

# HEALTH STRIKE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે ગાંધીનગરમાં હડતાળ કરી રહેલા આરોગ્ય કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. આરોગ્ય કર્મચારીઓના આગેવાન રણજિતસિંહ મોરીએ પત્રકારો સાથેની વાતચીતમાં આ બેઠક હકારાત્મક રહી હોવાનું જણાવ્યું હતું. બેઠકમાં ગ્રેડ પે અને ખાતાકીય પરીક્ષા અંગે ચર્ચા થઈ. હવે આરોગ્ય વિભાગ સાથે આગામી સમયમાં બીજી બેઠક યોજાશે. તેમ આગેવાન રણજિતસિંહ મોરીએ જણાવ્યું હતું.

(બાઈટઃ રણજિતસિંહ મોરી)

---

# MANDAVIYA VISIT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજથી બે દિવસ પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે રહેશે. સત્તાવાર યાદી મુજબ , દરમિયાન શ્રી માંડવિયા રાજકોટ , ગોંડલ, જેતપુર અને પોરબંદરની મુલાકાત લેશે. તેઓ આજે સાંજે પ્રબુદ્ધ ગોષ્ઠી કાર્યક્રમમાં જોડાશે. આવતીકાલે તેઓ 21 કિલોમીટર લાંબી સાઈક્લો ફન 2025 સહિતના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શ્રી માંડવિયા આવતીકાલે સવારે શહેર ભાજપ પ્રમુખના નિવાસસ્થાને ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ધ્વજ લહેરાવશે. ઉપરાંત તેઓ પોરબંદરમાં માધવપુર ઘેડ મેળાના ઉદ્ઘાટન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

---

# GOVERNOR'S AKASHVANI VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોના શિક્ષણ અને મનોરંજન માટે રેડિયોને શક્તિશાળી માધ્યમ ગણાવ્યું છે. ગઈકાલે આકાશવાણી, અમદાવાદની મુલાકાતે આવેલા રાજ્યપાલે આકાશવાણીના અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધન કર્યું. દરમિયાન તેમણે દેશની પ્રાચીન પરંપરા જાળવવામાં અને સાંસ્કૃતિક વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવામાં આકાશવાણીનાં પ્રદાનની પ્રશંસા કરી. આ ઉપરાંત શ્રી દેવવ્રતે રેડિયો સાથેના પોતાના સંસ્મરણો પણ વાગોળ્યા હતા.

**(બાઈટઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત)**

---

# BAGASARA UNA HIGHWAY

રાજ્યના બગસરા-ઉનાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ 351 -Kના 89 કિલોમીટરની લંબાઈના માર્ગને બે લેનવાળા પાકા શૉલ્ડરમાં અપગ્રેડ કરાશે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા આ અંગે માહિતી આપતા કહ્યું, 943 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આ ધોરીમાર્ગને અપગ્રેડ કરવા મંજૂરી આપવામાં આવી છે.

આ પ્રૉજેક્ટનો ઉદ્દેશ સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. આ રસ્તો રાષ્ટ્રીય રાજમાર્ગ 351 અને રાષ્ટ્રીય રાજમાર્ગ 51 વચ્ચે જોડાણ તરીકે કામ કરે છે , જે વેરાવળ અને પીપાવાવથી સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં રાજકોટ , જામનગર, મોરબી તરફ જતા બંદર ટ્રાફિક માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડશે. આ ગીર વન્યજીવન અભયારણ્યને પણ મોટા પ્રમાણમાં બાયપાસ કરે છે , જે વન્યજીવોની મુશ્કેલીઓ ઘટાડશે.

---

# SURAT CRIME

સુરતની અદાલતમાં આજે દુષ્કર્મના એક કેસની સુનાવણી થશે. સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે , વર્ષ 2017માં નાનપુરા ટીમલિયાવાડ ખાતે એક ઉપાશ્રયમાં વડોદરાનાં શ્રાવિકા સાથે દુષ્કર્મ થયું હતું. આ મામલે એક મુનિ પર આક્ષેપ કરાતા અઠવાલાઈન્સ પોલીસે મુનિની ધરપકડ કરી હતી. આજે અદાલતમાં આ કેસની સુનાવણી હાથ ધરાશે.

---

# MADHAPUR MELO SOMNATH

પોરબંદરમાં આવતીકાલે માધવપુર ઘેડ મેળાનો પ્રારંભ થશે. તેની ઉજવણીના ભાગરૂપે આજે સોમનાથ મંદિર પરિસરના ચોપાટી મેદાન ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. અગાઉ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ કાર્યક્રમના આયોજન અંગે બેઠક યોજી તમામ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે , સોમનાથમાં સાંજે સાત વાગ્યે યોજાનારા આ કાર્યક્રમમાં આસામ, મણિપુર, મેઘાલય, ત્રિપુરા જેવા ઉત્તર-પૂર્વના સાત રાજ્યના 200 કલાકારો અને રાજ્યના વિવિધ વિસ્તારના 200 કલાકારો મળી 400 કલાકારો તેમની કળાનું પ્રદર્શન કરશે. દરમિયાન પોરબંદરના મણિયારા રાસ, તલવાર રાસ, ડાંગી નૃત્ય સહિતની પ્રસ્તુતિઓ પણ રજૂ કરાશે.

---

# NATIONAL MARITIME DAY

રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરાશે. આ દિવસે વેપાર અને રાષ્ટ્રીય સલામતીમાં દરિયાઇ ક્ષેત્રનાં મહત્વ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે અને દરિયાઇ ઉદ્યોગનાં વિકાસમાં પ્રદાન કરનારા અધિકારીઓનું સન્માન કરાય છે.

સાંભળીએ એક અહેવાલ.

<u>(VOICE CAST ANIL PATEL MERITIME DAY)</u>

*(1919ની પાંચમી એપ્રિલે સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના જહાજ એસ એસ લોયલ્ટીએ ભારત અને બ્રિટન વચ્ચે તેની પ્રથમ સફળ દરિયાઇ સફળ પૂર્ણ કરી હતી. ભારતના દરિયાઇ ઇતિહાસમાં આ સીમાચિહ્ન ઘટનાની યાદમાં વર્ષ 1964થી દર વર્ષે પાંચમી એપ્રિલે રાષ્ટ્રીય દરિયાઇ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેશમાં સૌથી વધુ 1600 કિલોમીટરથી વધુ લાંબો દરિયાકિનારો ગુજરાતમાં છે. અમદાવાદ જિલ્લામાં લોથલ ખાતે પાંચ હજાર વર્ષ પહેલાં બંદર હતું, જ્યાં હાલ 'નેશનલ મેરિટાઇમ હેરિટેજ કૉમ્પ્લેક્સ' આકાર લઈ રહ્યું છે. અહીં વિશ્વનું સૌથી ઊંચું લાઇટહાઉસ મ્યુઝિયમ અને મેરિટાઇમ યુનિવર્સિટી પણ બનશે.*

***અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ***

---

# WEATHER

**હવામાન વિભાગે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં આગામી નવ એપ્રિલ સુધી હિટવેવની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન સૌરાષ્ટ્રમાં મહત્તમ તાપમાન 40થી 43 ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની શક્યતા છે. જ્યારે રાજ્યમાં આજથી આઠ એપ્રિલ સુધીમાં મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની પણ સંભાવના છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.**

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

**છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કચ્છના ભુજમાં નોંધાયું. જ્યારે કંડલા હવાઈમથક પર 42 ડિગ્રી , અમરેલી, બનાસકાંઠાના ડીસા અને જુનાગઢના કેશોદમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું હતું. અન્ય જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાન 30થી 40 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું હતું.**

---

# PATAN RATHYATRA

પાટણ જિલ્લામાં આવતીકાલે રામનવમી નિમિત્તે શહેરમાં ભગવાન શ્રીરામની 38મી શોભાયાત્રા યોજાશે. વાજતેગાજતે યોજાનારી ભગવાન રામચંદ્રની આ યાત્રાને લઈ લોકોમાં વિશેષ આનંદ જોવા મળી રહ્યો છે. શોભાયાત્રા શાંતિથી યોજાય અને મોટી સખ્યામાં ભક્તો ભગવાનના દર્શનનો લાભ લઈ શકે તે હેતુથી ગઈકાલે પાટણ શહેર પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

---